# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા. ૧૩/૨/૨૦૦૯**

- **હીરા ઉદ્યોગને મદદરૂપ બનવા ટાસ્કફોર્સ અને ગુજરાતને વ્યાજ રાહત માટેનું પેકેજ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા સાથે પરામર્શ કરી કેન્દ્ર સરકારે આપેલું છે, તેનો યશ ખાટવાનો મુખ્યમંત્રીશ્રીનો મિથ્યા પ્રયત્ન છે.**
- **કેન્દ્ર સરકારે હીરા ઉદ્યોગને રાહત માટે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા સાથે પરામર્શથી કરેલા નિર્ણયની જાણ પત્રક્રમાંક : ઈઓ નં. ૯/૧/૨૦૦૯, ઈસી (જીએનજે)થી કરી દેવામાં આવ્યા પછી મુખ્યમંત્રીશ્રી જશ ખાટવા નિવેદન કરે છે.**
- **શ્રમિકોને રક્ષણ અને પેકેજ આપવાની જવાબદારી ગુજરાત સરકારની છે. કેન્દ્ર સરકારે અનેકવિધ પગલાંઓ લીધાં છે, પરંતુ ગુજરાત સરકારે હીરા ઉદ્યોગ માટે ફૂટી કોડી પણ આપી નથી.**
- **ગુજરાત સરકાર હીરા ઉદ્યોગ પાસેથી યુનિટ દીઠ રૂા. ૩.૫૦ ઉપરાંત ૯૧ પૈસા ફ્યુઅલ ચાર્જીસ, ૫૨ હોર્સ પાવર ચાર્જીસ તથા ૧૦% ડયુટી લઈ રહી છે, તે તાત્કાલિક માફ કરે.**
- **મતો માટે મહારાષ્ટ્ર જઈને કરોડો રૂપિયાની ઓફર કરનાર મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં આત્મહત્યા કરનારા રત્ન કલાકારોના પરિવારોને કમસે કમ રૂા. ૨૫ લાખની સહાય તાત્કાલિક જાહેર કરવી જોઈએ.**

વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગઈકાલે માહિતી ખાતા તરફથી હીરા ઉદ્યોગની સમસ્યાઓ અંગેની જે અખબારી યાદી પ્રસિદ્ધ થઈ છે, તે ગેરમાર્ગે દોરનારી છે. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા ટાસ્કફોર્સ રચવાની અને વિવિધ રાહતો આપવા અંગેનું પેકેજ કેન્દ્ર સરકારના નાણાં વિભાગ અને વાણિજ્ય વિભાગ દ્વારા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા સાથે પરામર્શ કરીને આજથી ૧૫ દિવસ પહેલાં નકકી થઈ ગયેલું હતું. કેન્દ્ર સરકારે હીરા ઉદ્યોગોને મદદરૂપ બનવા માટે કસ્ટમ ડયુટીની સંપૂર્ણ માફીથી લઈને વિવિધ પગલાંઓ અગાઉ પણ લીધા હતા અને હવે વ્યાજ રાહત તથા ટાસ્કફોર્સની રચના માટેનો નિર્ણય પણ કેન્દ્ર સરકારે કર્યો હતો. કેન્દ્ર સરકારે કરેલા નિર્ણયની જાણ કોંગ્રેસ પક્ષના સંસદસભ્યશ્રીઓ તથા ભાજપના સંસદસભ્યશ્રીઓ અને કોંગ્રેસી પ્રતિનિધિ મંડળને તેમના પત્રક્રમાંક : ઈઓ નં. ૯/૧/૨૦૦૯, ઈસી(જીએનજે) દ્વારા મંત્રીશ્રી, વાણિજય તથા વિદ્યુત, ભારત સરકારે કરેલી હતી. આમ, કોંગ્રેસની આગેવાની નીચેની કેન્દ્ર સરકારના માધ્યમથી રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા અને ભારત સરકાર દ્વારા લેવાયેલા હીરા ઉદ્યોગ માટેના પગલાંઓનો ગુજરાત સરકાર અખબારી યાદી દ્વારા મિથ્યા જશ લેવાનો પ્રયત્ન કરી રહી છે.

ભારત સરકારે કાચા હીરા ઉદ્યોગ ઉપર કસ્ટમ ડ્યુટી જે ૩૦% હતી તે ૦% કરી છે અને હાલમાં ભારત સરકાર દ્વારા કોઈપણ જાતની ડયુટી (કર) હીરા ઉદ્યોગ પર લેવામાં આવતી નથી. પરંતુ ગુજરાત સરકાર હીરા ઉદ્યોગ માટે આપવામાં આવતી વિજળી રૂા. ૩.૫૦ પર યુનિટે આપે છે. આ ઉપરાંત હીરા ઉદ્યોગ માટે અપાતી

વિજળીમાં ૯૧ પૈસા ફયુઅલ ચાર્જીસ, ૫ર હોર્સ પાવર દીઠ ચાર્જીસ તથા ૧૦% ગુજરાત સરકારની સ્પેશ્યલ ડયુટી ઉઘરાવવામાં આવે છે. રાજ્ય સરકાર કેન્દ્ર સરકારની અપાયેલી રાહતોને પોતાના નામે ચઢાવી રહી છે. તેમજ પોતાની જવાબદારીની સહેજ પણ બજવણી રાજ્ય સરકાર કરી રહી નથી. બંધારણીય વહેંચણી થયા મુજબ શ્રમિકોને રક્ષણ અને પેકેજ આપવાની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારની છે. માટે રાજ્ય સરકારે તાત્કાલિક ઈલેક્ટ્રીકસીટી ડયુટી, ફયુઅલ ચાર્જીસ લેવાનું બંધ કરવું જોઈએ અને હીરા ઉદ્યોગના કારીગરો માટે ગુજરાત સરકારે સ્પેશ્યલ પેકેજ આપવું જોઈએ. ટાટા જેવા મોટા ઔદ્યોગિક ગૃહોને કરોડો રૂપિયાની ગુજરાત સરકાર લ્હાણી કરે છે અને ત્યારે એમ કહેવામાં આવે છે કે, ગુજરાત નંબર-૧ છે અને મારે ભારત સરકાર પાસે ભીખનો કટોરો લઈને માંગવાની જરૂર નથી. જયારે બીજી તરફ હીરા ઉદ્યોગના કુશળ કારીગરોને મદદરૂપ થવા પેકેજ આપવાની ગુજરાત સરકારની જવાબદારી છે, તે સમયે ભારત સરકાર પાસે માંગણી કરવાની મુખ્યમંત્રીશ્રીની રીત બતાવે છે કે, હીરા ઉદ્યોગને આ ગુજરાત સરકાર મદદ કરવા માંગતી નથી. મતોના રાજકારણ માટે મુંબઈ જઈને શહીદ કરકરેજીની પત્નીને કરોડો રૂપિયાની ઓફર ગુજરાત સરકાર કરી શકે છે, પરંતુ જ્યારે પોતાના રાજ્યના રત્ન કલાકારો આત્મહત્યા કરે છે તેમને રૂા. ૨૫ લાખ જેટલી સહાય આપવાનું ગુજરાત સરકારને સૂઝતું નથી. કોંગ્રેસ પક્ષ માંગણી કરે છે કે, ગુજરાત સરકારે તાત્કાલિક હીરા ઉદ્યોગ માટે પેકેજ જાહેર કરવું જોઈએ અને જેમણે પણ આત્મહત્યા કરી છે તેવા રત્ન કલાકારોના પરિવારોને ઓછામાં ઓછા રૂા. ૨૫ લાખની સહાય ગુજરાત સરકારે ચૂકવવી જોઈએ. ભારત સરકારે કસ્ટમ ડયુટીની સંપૂર્ણ ડયુટીની માફીથી લઈને અનેકવિધ પગલાંઓ હીરા ઉદ્યોગ માટે લીધા છે, પરંતુ ગુજરાત સરકારે એક ફૂટી કોડી પણ હીરા ઉદ્યોગને આપવા માટે વાપરી નથી.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(એસ. આઈ. શેરવા)**
અંગત સચિવ